# UCCC & SPBCBA & SDHGCBCA & IT
# T.Y.B.com Sem. – 6
# Advanced Accounting and Auditing Paper – 8
# પરિવર્તનશીલ અંદાજપત્ર (થિયરી)

## પરિવર્તનશીલ અંદાજપત્રની વ્યાખ્યા :

ઈંગ્લેન્ડની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટસે તેની વ્યાખ્યા નીચે મુજબ આપી છે.

'જે અંદાજપત્ર સ્થિર, અસ્થિર અને ચલિત ખર્ચના તફાવતને ધ્યાનમાં રાખીને ઉત્પાદનની ખરેખર પ્રાપ્ત થયેલા સપાટીના સંદર્ભમાં બદલાય એ રીતે બનાવાય છે, તે પરિવર્તનશીલ અંદાજપત્ર છે."

આમ, વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે ઉત્પાદનની જે સપાટી ખરેખર પ્રાપ્ત થાય છે તે પ્રમાણે તે બદલાય છે. જો ઉત્પાદનની નક્કી કરેલી સપાટીના 70% ઉત્પાદન થાય તો પરિસ્થિતિ કેવી રહેશે તથા 50%, 75% અને 90% ઉત્પાદન થાય તો કુલ પડતર કેટલી થશે તેની માહિતી પરિવર્તનશીલ અંદાજપત્ર પરથી મળી શકે છે.

## પડતર ખર્ચનું વર્ગીકરણ

પરિવર્તનશીલ અંદાજપત્રમાં ખર્ચને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

(1) સ્થિર ખર્ચ

(2) ચલિત ખર્ચ

(3) અર્ધ - ચલિત ખર્ચા

ઉપરોક્ત ખર્ચની વિગતવાર ચર્ચા નીચે મુજબ છે.

### (૧) સ્થિર ખર્ચ

સ્થિર ખર્ચ એટલે એવો ખર્ચ કે જે ઉત્પાદનમાં વધારો થતા કે ઘટાડો થતા બદલાતો નથી. આમ, ઉત્પાદનની સપાટીમાં ફરફાર થતાં ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી. દા.ત. : કારખાનાનું માસિક ભાડું રૂા. 1,00,000 જ ચૂકવવાનું છે અને ઉત્પાદન 5,000 એકમોનું થાય તો પણ ભાડું રૂ. 1,00,000 જ

ચૂકવવાનું થશે. અને જો ઉત્પાદન શૂન્ય થાય તો પણ કારખાનાનું ભાડું રૂા. 1,00,000 તો ચૂકવવું જ પડશે. આમ, ઉત્પાદનમાં વધારો કે ઘટાડો થાય તો પણ કુલ સ્થિર ખર્ચ એક સરખો જ રહે છે. પરંતુ, એકમદીઠ સ્થિર ખર્ચમાં વધઘટ થાય છે. જેમ કે 2,000 એકમોના ઉત્પાદન ભાડું રૂા. 1,00,000 હતું જે એકમદીઠ રૂ. 50 થશે અને 5,000 એકમોના ઉત્પાદને એકમદીઠ ભાડું રૂ. 20 થશે.

આમ, કુલ સ્થિર ખર્ચ કુલ સ્થિર રહે છે. જ્યારે ઉત્પાદનમાં વધારો-ઘટાડો થતા એકમદીઠ સ્થિર ખર્ચમાં ફેરફાર જોવા મળે છે.

### (૨) ચલિત ખર્ચ

ચલિત ખર્ચ ઉત્પાદનના જથ્થાના પ્રમાણ સાથે સંકળાયેલ હોય છે. ઉત્પાદનના જથ્થામાં ફેરફાર થતાં કુલ ચલિત ખર્ચમાં પણ ફેરફાર થાય છે. ચલિત ખર્ચા જેવા કે પ્રત્યક્ષ માલસામાન, પ્રત્યક્ષ મજૂરી વગેરેમાં ઉત્પાદનમાં ફેરફાર થવાને કારણે ચલિત ખર્ચમાં પણ ફેરફાર થાય છે. એટલે કે ઉત્પાદનમાં ઘટાડો થતા કુલ ચલિતખર્ચમાં ઘટાડો થાય છે. દા.ત. એકમદીઠ મજૂરી ₹ 50 હોય અને ₹ 5,000 એકમોનું ઉત્પાદન થાય તો કુલ મજૂરી ખર્ચ ₹ 25,000 થશે અને જો ઉત્પાદન 10,000 એકમોનું થાય તો કુલ મજૂરી ખર્ચ ₹ 50,000 થશે અને જો ઉત્પાદન શૂન્ય થાય તો મજૂરી ખર્ચ પણ શૂન્ય થાય છે.

આમ, ઉત્પાદનમાં વધારો કે ઘટાડો થતા કુલ ચલિતખર્ચમાં પણ વધારો થાય છે. પરંતુ એકમદીઠ તે સ્થિર રહે છે.

### (૩) અર્ધ - ચલિત ખર્ચ

અર્ધ ચલિત ખર્ચ એટલે એવો ખર્ચ કે જે ઉત્પાદનની અમુક સપાટી સુધી તે સ્થિર રહે છે અને ત્યાર બાદ તેમાં ફેરફાર થતો જોવા મળે છે. આમ, ચલિત ખર્ચમાં સ્થિર ખર્ચ અને ચલિત ખર્ચનું મિશ્રણ જોવા મળે છે. દા.ત. વિજળીબિલ જેમાં દર માસે વપરાશ થાય કે ન થાય અમુક વિજળી ખર્ચ તો ચૂકવવું જ પડે છે અને જો વપરાશ ચાલુ હોય તો તે પ્રમાણે વિજળી ખર્ચ ચૂકવવું પડે છે. અન્ય ખર્ચાઓ કે ટેલિફોન ખર્ચ, યંત્રો નો ઘસારો, સમારકામ ખર્ચ વગેરે અર્ધચલિત ખર્ચ તરીકે ઓળખવામાં આવે છે.

## પરિવર્તનશીલ અંદાજપત્રના ફાયદા / ઉપયોગિતા

પરિવર્તનશીલ અંદાજપત્રના ફાયદા કે ઉપયોગો નીચે મુજબ છે.

(1) પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા ઉત્પાદન કે વેચાણની વિવિધ સપાટીએ તૈયાર કરવામાં આવેલા હોવાને લીધે ખરેખર પ્રાપ્ત થયેલ ઉત્પાદનો વેચાણના આંકડાઓ સાથે સરખામણી સરળતાથી કરી શકાય છે.

(2) પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા સંચાલકોની કામગીરીનું પણ મૂલ્યાંકન થઈ શકે છે.

(3) પરિવર્તનશીલ અંદાજપત્રનો ઉપયોગ બજેટને સરળતાથી સુધારવા માટે પણ કરી શકાય છે.

(4) જ્યારે ધંધામાં ઉત્પાદન કે વેચાણના આંકડા નિશ્ચિત મળવા મુશ્કેલ હોય ત્યારે પરિવર્તનશીલ અંદાજપત્ર ઉપયોગી નિવડે છે.

(5) પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા અન્ય અંદાજપત્રો તૈયાર કરી શકાય છે અને તે માટે વિવિધ આંકડાકીય માહિતી મેળવી શકાય છે. જેમ કે આવક-ખર્ચ સંબંધિત માહિતી કે આંકડાઓ.

(6) પરિવર્તનશીલ અંદાજપત્ર દ્વારા અંદાજપત્રના વિવિધ ખ્યાલ દ્વારા વાસ્તવિક ખર્ચ વગેરે સાથેની તુલના માટે મહત્વપૂર્ણ આંકડાકીય માહિતી પૂરી પાડે છે.

(7) અંદાજપત્રીય અંકુશ માટે પરિવર્તનશીલ અંદાજપત્ર ખૂબ જ ઉપયોગી રહે છે.

## અંદાજપત્ર તૈયાર કરવાની રીતો

અંદાજપત્ર તૈયાર કરવાની મુખ્ય ત્રણ રીત છે જે નીચે મુજબ છે.

(1) આલેખ પદ્ધતિ

(2) ગુણોત્તર પદ્ધતિ

(3) કોષ્ટક પદ્ધતિ

### (1) આલેખ પદ્ધતિ

આ પદ્ધતિમાં ખર્ચને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવે છે. જેવા કે સ્થિર ખર્ચ, ચલિત ખર્ચ અને અર્ધ ચલિત ખર્ચ. આ ખર્ચ અને ઉત્પાદનની જુદી-જુદી સપાટીને આધારે આલેખ તૈયાર કરવામાં આવે છે. આલેખ તૈયાર કરતી વખતે આલેખપત્ર પર X અક્ષ પ્રવૃત્તિની જુદી જુદી સપાટી દર્શાવવામાં આવે છે. અને Y અક્ષ પર જુદા જુદા ખર્ચાઓને દર્શાવવામાં આવે છે. આલેખપત્ર પર ઉત્પાદન અને ખર્ચની માહિતી દર્શાવી આલેખ દ્વારા અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે.

### (2) ગુણોત્તર પદ્ધતિ

આ પદ્ધતિ હેઠળ અપેક્ષિત સામાન્ય સ્તરની પ્રવૃત્તિ માટે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે અને તેને આધારે જુદી-જુદી પ્રવૃત્તિનો ખર્ચનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. આ પદ્ધતિ માટે ખર્ચ અને આવકોનું જુદા જુદા ગુણોત્તરોની ગણતરી કરીને તેને આધારે કોઈ પણ સપાટી માટે ખર્ચ અને આવકની માહિતી મેળવી શકાય છે.

દા.ત. ચલિત ખર્ચા 50% સપાટીએ રૂા. 1,00,000 હોય તો 1% સપાટીએ રૂા. 2,000 ચલિત ખર્ચ ગણાય. આમ આ પદ્ધતિ દ્વારા જુદી જુદી સપાટી માટેના ખર્ચના ગુણોત્તરો મેળવી શકાય અને તેને આધારે જુદી જુદી સપાટી માટેના અંદાજો મેળવી શકાય છે.

ઉદાહરણ તરીકે સામાન્ય સપાટીએ 50% પ્રવૃત્તિ માટે પરોક્ષખર્ચનું અંદાજપત્ર 1,00,000 છે. ધારો કે ખર્ચમાં સ્થિર ખર્ચ 50000 અને ચલિતખર્ચ રૂા. 50,000 છે. તેથી ચલિત ખર્ચ 1% પ્રવૃત્તિ એ રૂ. 1,000 થશે (50,000/50) હવે ધારો કે વાસ્તવિક પ્રવૃત્તિ 80% છે, તે ખર્ચનું અંદાજ પત્ર નીચે મુજબ છે.

સ્થિર ખર્ચ = 50,000

ચલિત ખર્ચ $(80 \times 1000) = 80{,}000$

કુલ પડતર 1,30,000

### (3) કોષ્ટક પદ્ધતિ અથવા બહુ પ્રવૃત્તિ પદ્ધતિ

આ પદ્ધતિમાં ઉત્પાદનની જુદી જુદી સપાટીને કોલમમાં (આડી લીટી) દર્શાવીને તેને અનુરૂપ ખર્ચમાં આંકડાઓને રો (ઊભી લીટી)માં દર્શાવવામાં આવે છે. આમ ઊભી લીટીમાં ઉત્પાદનની જુદી જુદી સપાટીએ આડી લીટીમાં તેને અનુરૂપ ખર્ચાઓ દર્શાવવાની રીતને કોષ્ટક પદ્ધતિ કહે છે.

**ઉદાહરણ :** એક કંપની તેની 100% ઉત્પાદન ક્ષમતાએ 50000 એકમોનું ઉત્પાદન કરી શકે છે. તેના સ્થિર ખર્ચાઓ 1,20,000 છે. ચલિત ખર્ચ એકમદીઠ રૂા. 20 છે. અને અર્ધ ચલિત ખર્ચ એકમદીઠ રૂા. 10 છે. જેમાં 40% સ્થિર ખર્ચ છે. આ માહિતીને આધારે 50%, 75% અને 80% સપાટીનું પરિવર્તનશીલ પૂર્ણ ક્ષમતાએ અંદાજપત્ર તૈયાર કરો.

પરિવર્તનશીલ બજેટ ક્યાં સંજોગોમાં અનુકુળ આવે ?

૧. જયારે માલની માંગ અનિશ્ચિત હોય ત્યારે પરિવર્તનશીલ બજેટ ઉપયોગમાં લેવાય છે.

૨. જયારે કોઈક કારણસર બજેટ સમયગાળા દરમ્યાન ઉત્પાદન ની સપાટી સ્થિર રહી શકે એમ ન હોય ત્યારે પરિવર્તનશીલ બજેટ ઉપયોગમાં લેવાય છે.

3. નવી વસ્તુ બજારમાં મુકવી હોય ત્યારે

૪. પ્રોજેક્ટ આધારિત કામમાં સંકળાયેલી કંપનીઓ, જેમ કે બાંધકામ અથવા કન્સલ્ટિંગ ફર્મો, પરિવર્તનશીલ બજેટિંગથી લાભ મેળવે છે.

૫. આર્થિક પરિસ્થિતિઓ કંપનીના નાણાકીય કામગીરી પર નોંધપાત્ર અસર કરી શકે છે. આર્થિક મંદી દરમિયાન, બિઝનેસને ઘટતી માંગનો અનુભવ થઈ શકે છે, જેના પરિણામે વેચાણ અને ઉત્પાદન સ્તરોમાં ઘટાડો થાય છે. વિપરીત રીતે, આર્થિક બૂમ દરમિયાન, માંગમાં વધારો થઈ શકે છે. પરિવર્તનશીલ બજેટ કંપનીઓને આ આર્થિક ફેરફારોને અનુરૂપ તેમની નાણાકીય યોજનાઓને સમાયોજિત કરવાની મંજૂરી આપે છે, ખાતરી કરે છે કે નાણાકીય નિયંત્રણ અને સંસાધન ફાળવણી વધુ સારી રીતે થાય છે.

૬. સેવા આધારિત ઉદ્યોગોમાં, જ્યાં પ્રદાન કરેલી સેવાઓની માત્રામાં નોંધપાત્ર ફેરફાર થઈ શકે છે, પરિવર્તનશીલ બજેટિંગ આવશ્યક છે.

૭. સ્ટાર્ટઅપ્સ અને ઝડપી વધતી કંપનીઓને તેમના ઓપરેશન્સમાં અનિશ્ચિત ફેરફારોનો સામનો કરવો પડે છે. લવચીક બજેટિંગ આ કંપનીઓને સ્કેલ તરીકે તેમની નાણાકીય યોજનાઓને સમાયોજિત કરવાની મંજૂરી આપે છે